# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજ્ય

☎.(૦૭૯)૨૩૨૫૪૫૦૯(ઓ),
૨૩૨૫૪૩૭૭(ઘં),
૨૩૨૫૯૭૬૦(ફેક્સ)

E-mail : supt-tc-dat@gujarat.gov.in

"વિમા અને લેખા ભવન" બ્લોક નં.-૧૭
ડો.જીવરાજમહેતા ભવન, સેક્ટર-૧૦ બી.,
ગાંધીનગર-૩૮૨૦૧૦

---

નંબર:-હિતિનિ/ટીસી/ફા.૧૨૯/બેંક સૂચના/૦૨/૨૦૦૮/૧૬૩૪-૧૬૬૧ તા.૨૮/૨/૨૦૦૮

**પરિપત્ર ક્રમાંક: ૬ /૨૦૦૮**

વિષય:-બેંક દ્વારા સ્વીકારાતા ચલનમાં રકમની વિગતો આંકડા અને શબ્દોમાં લખવા બાબત.

નાણાં વિભાગના તા.૨૨-૧-૦૮ના પત્ર ક્રમાંક : ટીજેઆર-૧૦૨૦૦૭-ઝેડ તરફ આપનુ ધ્યાન દોરતાં જણાવવાનું કે, જુદી જુદી વ્યક્તિઓ કે સંસ્થાઓ દ્વારા જુદા જુદા હેતુસર રાજ્ય સરકારમાં ચલનથી નાણાં જમા કરાવવામાં આવે છે. સંલગ્ન બેંકોએ આવા નાણાંનો સ્વીકાર કરતા સમયે ચલનમાં દર્શાવેલ રકમ શબ્દોમાં અને આંકડામાં ભરેલ છે કે કેમ? તેની પ્રાથમિક ચકાસણી કરવાની રહે છે. અનુભવે જણાયેલ છે કે ઉપરોક્ત સ્થાયી સુચના હોવા છતાં કેટલીક બેંકો દ્વારા ચલનમાં દર્શાવેલ રકમ આંકડામાં અને શબ્દોમાં એમ બંનેમાં દર્શાવેલ ન હોવા છતાં ચલન સ્વીકારવામાં આવે છે. જેથી નાણાંકીય અનિયમિતતા / છેતરપીંડી થવાની પૂરેપૂરી શકયતા રહે છે. આવા બનાવો ન બને તે માટે નીચેની સુચનાઓ ધ્યાને લેવા વિનંતી.

- ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ના નિયમ-૩૦૮ મુજબ કોઈપણ બેંકે ચલનમાં જણાવેલ નાણાં ચેક/ રોકડ મારફતે સ્વીકારીને ઓરીજનલ ચલન ઉપર રકમ આંકડામાં અને શબ્દોમાં લખાયેલ છે કે કેમ ? તેની કાળજી લેવાની રહે છે.
- સ્વીકારેલ ચલનની ઓરીજનલ કોપી ઉપર નાણાં સ્વીકારનાર અધિકૃતની પુરે પુરી સહી તેમજ બાકીના ચલન ઉપર ટૂંકી સહી કરીને નાણાં સ્વીકાર્યા બદલની પહોંચ (ચલન) આપવાની રહે છે.
- ચલન ઉપર રકમના કોલમમાં કે અન્ય જગ્યા કે જયાં રકમનો ઉલ્લેખ થતો હોય ત્યાં ખાલી જગ્યા ન રહે તેની તકેદારી રાખવાની રહે છે.

- ચલન ઉપર બેંક દ્વારા જે સિકકા લગાવવામાં આવે છે તે સિકકા સ્પષ્ટરીતે વંચાય તેવા હોવા જોઈએ.
- જિલ્લા / તાલુકાઓની સરકારી નાણાં સ્વીકારતી બેંકો દ્વારા ઉપરોકત સૂચનાઓનું પાલન બિનચૂક પણે થાય. તેની ચકાસણી કરવા વિનંતી. જો કોઈ બેંક દ્વારા ઉપરોકત સૂચનાનું પાલન ન કરવામાં આવે તો સંલગ્ન બેંકને આ અંગેની લેખિત જાણ કરી તેની નકલ અત્રે મોકલી આપવી.
- જિલ્લાની સંલગ્ન બેંકોને જિલ્લા તિજોરી કચેરી કક્ષાએથી તેમજ તાલુકાની સંલગ્ન બેંકોને પેટા તિજોરી કચેરી કક્ષાએથી આ બાબતનો અમલ થાય તે અંગે જરૂરી સૂચના આપવા તેમજ આ સૂચના બેંકને પણ આપવી. જેથી ગેરરીતિને અવકાશ ન રહે.
- આ પરિપત્રની નકલ સાથેની જાણ સૂચના મુજબની અમલવારી સારું આપના હસ્તકની તમામ પેટા તિજોરી કચેરીને બિન ચૂક કરવી.

નિયામક

**નકલ સવિનય રવાના:–**

૧. નાયબ સચિવશ્રી, (તિજોરીઓ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારું.

**નકલ રવાના:–**

૧. પગાર અને હિસાબી અધિકારીશ્રી, પગાર અને હિસાબી અધિકારીની કચેરી, અમદાવાદ/ ગાંધીનગર

૨. શ્રેયાન તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, ~~અમદાવાદ~~ અમદાવાદ/ વડોદરા/ ~~રાજકોટ~~ રાજકોટ

૩. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, ..................